**<u>ફોજદારી કેસ નં.૬૬૧/૨૦૨૬.</u>**

**<u>જેતપુરના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, મુકામઃજેતપુર.</u>**

**<u>//આંક-૦૧ તળે હુકમ.//</u>**

ફરિયાદીઃ- શ્રી સરકાર.

વિરુદ્ધ

આરોપીઃ- હીતેષભાઈ બાબુભાઈ કુબાવત.

**<u>ગુનોઃ- બી.એન.એસ.ની કલમ-૨૮૫ મુજબ.</u>**

**૧.** આ કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ-૨૮૫ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહુ ગુનાનું અદાલતમાં ચાર્જશીટ કરેલ.

**૨.** આ કામે આરોપી હાજર થતાં તેઓ જણાવે છે કે, તેઓ આ ગુનો કબૂલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખુશી અને મુક્ત સંમતિથી કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે. આરોપીનું નિવેદન લેતાં, ગુના કબૂલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીની સ્વેચ્છીક ગુનાની કબૂલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તકસીરવાર ઠરાવુ છુ.

**૩.** આરોપીને સજા અંગે સાંભળ્યા, આરોપીની કબૂલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લીધા. નામદાર ગુજરાત વડી અદાલતના ``*રાજય વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર* (૨૦૦૫(૧)ગુ.લો. રીપોર્ટર પાનું ૭૦૯)``નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીની ગુના કબૂલાત પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં, આરોપીને કાયદાનુસારની ન્યૂનતમ કે મહત્તમ સજાના કરવાથી પણ ન્યાયનું હીત જળવાઈ રહેશે તેમ જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ-૨૮૫ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી, આરોપીને રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જેતપુર.
UIC-GJ01563